# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૨-B તા.૦૯-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ''બ્રિજ કોર્સ-ક્લાસરેડિનેશ જ્ઞાનસેતુ'' કાર્યક્રમ બાબત.

સંદર્ભ :- એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૧/૧૮૭૨૭-૭૬૨ તા.૯-૬-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, તા.૧૦ જૂન-૨૦૨૧ થી એક માસ સુધી ''બ્રિજ કોર્સ-ક્લાસરેડિનેશ જ્ઞાનસેતુ'' કાર્યક્રમ **દૂરદર્શન કેન્દ્ર ડી.ડી.ગીરનાર મારફત** પ્રસારણ કરવામાં આવનાર છે. સદર કાર્યક્રમનું સમય પત્રક આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ છે. તો સમયપત્રકની જાણ શિક્ષકો મારફતે તમામ વિદ્યાર્થીઓ / વાલીઓને કરવા જણાવવામાં આવે છે

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૯-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર
ફોન નં: ૦૭૯-૨૩૨૪૩૧૩૩
E-mail : qecell@gmail.com
Toll Free No.1800-233-7965

ક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૧/૧૯૭૨૭-૭૬૨ તા: ૯/૬/૨૦૨૧

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

**વિષય : ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે "બ્રિજકોર્સ-કલાસરેડીનેશ: જ્ઞાનસેતુ" કાર્યક્રમ બાબત.**
**સંદર્ભ:અત્રેની કચેરીનો પત્રક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૧/૧૬૫૭૭-૬૭૩, તા.૨૪/૦૫/૨૦૨૧**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે તા:૦૭ જૂન ૨૦૨૧થી નવું શૈક્ષણિક સત્ર ચાલુ થનાર છે. રાજ્ય સરકાર દ્વારા આ નવા શૈક્ષણિક સત્રમાં શરૂઆતના એક માસ દરમિયાન આગલા ધોરણના લર્નિંગ આઉટકમનાં પુનરાવર્તન સ્વરૂપે ધોરણ-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે બ્રિજકોર્સ ચલાવવાનું નક્કી કરવામાં આવેલ છે. તા:૧૦ જુન ૨૦૨૧ થી એક માસ સુધી બ્રીજકોર્સ- કલાસરેડીનેસ : જ્ઞાનસેતુ કાર્યક્રમ દુરદર્શન કેન્દ્ર ડી ડી ગિરનાર ચેનલ મારફત પ્રસારિત કરવામાં આવનાર છે. આ ઉપરાંત બાયસેગની વંદે ગુજરાત ચેનલ દ્વારા પણ આ એપિસોડનું પ્રસારણ કરવામાં આવશે.બ્રિજકોર્સ-જ્ઞાનસેતુ-કલાસરેડીનેશ કાર્યક્રમનું સમયપત્રક આ સાથે સામેલ છે. સદર સમયપત્રકની જાણ આચાર્યશ્રીઓ તથા શિક્ષકો મારફતે તમામ વિદ્યાર્થીઓ/વાલીઓને કરવા વિનંતી છે.

**માન. એસ.પી.ડી.શ્રીની સુચનાનુસાર.**

સચિવ
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

બિડાણ : **ડી.ડી. ગિરનાર સમયપત્રક**

નકલ સવિનય રવાના (જાણ સારું)

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

# દુરદર્શન કેન્દ્ર ડી ડી ગિરનાર
## (સમય પત્રક)

| ધોરણ | સમય |
|---|---|
| ૩ | ૯:૦૦ થી ૯:૩૦ |
| ૪ | ૯:૩૦ થી ૧૦:૦૦ |
| ૫ | ૧૦:૦૦ થી ૧૦:૩૦ |
| ૬ | ૧૦:૩૦ થી ૧૧:૦૦ |
| ૭ | ૧૧:૩૦ થી ૧૨:૦૦ |
| ૧૦ | ૧૨:૦૦ થી ૧૨:૩૦ |
| ૧૦ | ૧૨:૩૦ થી ૧૩:૦૦ |
| ૮ | ૧૪:૩૦ થી ૧૫:૦૦ |
| ૯ | ૧૫:૦૦ થી ૧૬:૦૦ |
| ૧ | ૧૬:૩૦ થી ૧૭:૦૦ (બુધવાર અને ગુરુવાર સિવાય) |
| ૨ | ૧૭:૦૦ થી ૧૭:૩૦ |

# જ્ઞાનસેતુ -૨૦૨૧ પ્રસારણ સમયપત્રક

| સમય | | ૩૦ મિનીટ<br>(૦૯.૦૦ થી ૦૯.૩૦) | ૩૦ મિનીટ<br>(૦૯.૩૦ થી ૧૦.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૦.૦૦ થી ૧૦.૩૦) | ૩૦ મિનીટ<br>(૧૦.૩૦ થી ૧૧.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૧.૩૦ થી ૧૨.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૨.૦૦ થી ૧૨.૩૦) | ૩૦ મિનીટ<br>(૧૨.૩૦ થી ૧૩.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૪.૩૦ થી ૧૫.૦૦) | ૬૦ મિનીટ<br>(૧૫.૦૦ થી ૧૬.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૬.૩૦ થી ૧૭.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૭.૦૦ થી ૧૭.૩૦) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **તારીખ** | **વાર** | **ધોરણ-૩** | **ધોરણ-૪** | **ધોરણ-૫** | **ધોરણ-૬** | **ધોરણ-૭** | **ધોરણ-૧૦** | **ધોરણ-૧૦** | **ધોરણ-૮** | **ધોરણ-૯** | **ધોરણ-૧** | **ધોરણ-૨** |
| **10-Jun-2021** | **Thurs** | ગુજરાતી GS-૧<br>પેજ.:૧ થી ૬ | ગુજરાતી GS-૧<br>ચાલો,યાદ કરીએ | ગુજરાતી GS-૧<br>કદમ:૧ | ગુજરાતી GS-૧<br>કદમ:૧ | ગુજરાતી GS-૧<br>કદમ:૧,૨ | ગુજરાતી GS-૧<br>અર્થગ્રહણ-૧ | વિજ્ઞાન GS-૧<br>પ્રકરણ:૧ | ગુજરાતી GS-૧<br>કદમ:૧ | ગુજરાતી GS-૧<br>કદમ:૧,૨ | | ગુજરાતી GS-૧<br>પેજ.:૧ થી ૪ |
| **11-Jun-2021** | **Fri** | ગણિત GS-૧<br>પેજ.:૬૬ થી ૬૯ | ગણિત GS-૧<br>પ્રકરણ:૧,૨ | ગણિત GS-૧<br>પ્રકરણ:૧ | ગણિત GS-૧<br>પ્રકરણ:૧,૨ | ગણિત GS-૧<br>પ્રકરણ:૧,૨ | ગણિત GS-૧<br>પ્રકરણ:૧ | અંગ્રેજી GS-૧<br>યુનિટ: ૧ | ગણિત GS-૧<br>પ્રકરણ:૧ | ગણિત GS-૧<br>પ્રકરણ:૧ | GS-૧<br>એકમ:૧ | ગણિત GS-૧<br>પેજ.:૫૧ થી ૫૩ |
| **12-Jun-2021** | **Sat** | ગુજરાતી GS-૨<br>પેજ.:૭ થી ૧૧ | ગુજરાતી GS-૨<br>કદમ:૧ | અંગ્રેજી GS-૧<br>યુનિટ: ૧,૨,3 | અંગ્રેજી GS-૧<br>યુનિટ: ૧ | અંગ્રેજી GS-૧<br>યુનિટ: ૧ | ગુજરાતી GS-૨<br>અર્થગ્રહણ-૨ | વિજ્ઞાન GS-૨<br>પ્રકરણ:૨ | અંગ્રેજી GS-૧<br>યુનિટ: ૧,૨ | અંગ્રેજી GS-૧<br>યુનિટ: ૧,૨ | GS-૨<br>એકમ:૧,૨ | ગુજરાતી GS-૨<br>પેજ.:૫ થી ૭ |
| **13-Jun-2021** | **Sun** | | | | | | | | | | | |
| **14-Jun-2021** | **Mon** | ગણિત GS-૨<br>પેજ.:70 થી ૭૪ | ગણિત GS-૨<br>પ્રકરણ:3 | ગુજરાતી GS-૨<br>કદમ:૨,3 | ગુજરાતી GS-૨<br>કદમ:૨, | ગુજરાતી GS-૨<br>કદમ:3,૪,૫ | ગણિત GS-૨<br>પ્રકરણ:૨(૧) | અંગ્રેજી GS-૨<br>યુનિટ: ૨ | ગુજરાતી GS-૨<br>કદમ:૨,3,૪ | ગુજરાતી GS-૨<br>કદમ:3 થી ૫ | GS-3<br>એકમ:૨ | ગણિત GS-૨<br>પેજ.:૫૪ થી ૫૬ |
| **15-Jun-2021** | **Tue** | ગુજરાતી GS-3<br>પેજ.:૧૨ થી ૧૫ | ગુજરાતી GS-3<br>કદમ:૨ | ગણિત GS-૨<br>પ્રકરણ:૨ | ગણિત GS-૨<br>પ્રકરણ:3 | ગણિત GS-૨<br>પ્રકરણ:3 | ગુજરાતી GS-3<br>અભિ.અને પ્રત્ય-૧ | વિજ્ઞાન GS-3<br>પ્રકરણ:3 | ગણિત GS-૨<br>પ્રકરણ:૨,3 | ગણિત GS-૨<br>પ્રકરણ:૨,3 | GS-૪<br>એકમ:3 | ગુજરાતી GS-3<br>પેજ.:૮થી ૧૦ |
| **16-Jun-2021** | **Wed** | ગણિત GS-3<br>પેજ.:૭૫ થી ૭૮ | ગણિત GS-3<br>પ્રકરણ:૪ | અંગ્રેજી GS-૨<br>યુનિટ: ૪,૫ | અંગ્રેજી GS-૨<br>યુનિટ:૨ | અંગ્રેજી GS-૨<br>યુનિટ: ૨ | ગણિત GS-3<br>પ્રકરણ:૨(૨) | અંગ્રેજી GS-3<br>યુનિટ: 3 | અંગ્રેજી GS-૨<br>યુનિટ: 3 | અંગ્રેજી GS-૨<br>યુનિટ: 3,૪ | | ગણિત GS-3<br>પેજ.:૫૭ થી ૫૮ |
| **17-Jun-2021** | **Thurs** | ગુજરાતી GS-૪<br>પેજ.:૧૬ થી ૨૧ | ગુજરાતી GS-૪<br>કદમ:3 | ગુજરાતી GS-3<br>કદમ:૪,૫ | ગુજરાતી GS-3<br>કદમ:૪,૫ | ગુજરાતી GS-3<br>કદમ:૬,૭,૮ | ગુજરાતી GS-૪<br>અભિ.અને પ્રત્ય-૨ | વિજ્ઞાન GS-૪<br>પ્રકરણ:૪(૧) | ગુજરાતી GS-3<br>કદમ:૫,૬,૭ | ગુજરાતી GS-3<br>કદમ:૬ થી ૮ | | ગુજરાતી GS-૪<br>પેજ.:૧૧ થી ૧૩ |
| **18-Jun-2021** | **Fri** | ગણિત GS-૪<br>પેજ.:૭૯ થી ૮3 | ગણિત GS-૪<br>પ્રકરણ:૫ | ગણિત GS-3<br>પ્રકરણ:3,૪ | ગણિત GS-3<br>પ્રકરણ:૪,૫ | ગણિત GS-3<br>પ્રકરણ:૪,૫ | ગણિત GS-૪<br>પ્રકરણ:3 | અંગ્રેજી GS-૪<br>યુનિટ: ૪ | ગણિત GS-3<br>પ્રકરણ:૪,૫ | ગણિત GS-3<br>પ્રકરણ:૪ | GS-૫<br>એકમ:3,૪ | ગણિત GS-૪<br>પેજ.:૫૯ થી ૬૧ |
| **19-Jun-2021** | **Sat** | ગુજરાતી GS-૫<br>પેજ.:૨૨ થી ૨૬ | ગુજરાતી GS-૫<br>કદમ:૪ | અંગ્રેજી GS-3<br>યુનિટ: ૬,૭ | અંગ્રેજી GS-3<br>યુનિટ: 3 | અંગ્રેજી GS-3<br>યુનિટ: 3 | ગુજરાતી GS-૫<br>સર્જનાત્મકતા-૧ | વિજ્ઞાન GS-૫<br>પ્રકરણ:૪(૨) | અંગ્રેજી GS-3<br>યુનિટ: ૪ | અંગ્રેજી GS-3<br>યુનિટ: ૫,૬ | GS-૬<br>એકમ:૪ | ગુજરાતી GS-૫<br>પેજ.:૧૪ થી ૧૬ |
| **20-Jun-2021** | **Sun** | | | | | | | | | | | |
| **21-Jun-2021** | **Mon** | ગણિત GS-૫<br>પેજ.:૮૪ થી ૮૭ | ગણિત GS-૫<br>પ્રકરણ:૬ | ગુજરાતી GS-૪<br>કદમ:૬,૭ | ગુજરાતી GS-૪<br>કદમ:૬,૭ | ગુજરાતી GS-૪<br>કદમ:૯,૧૦ | ગણિત GS-૫<br>પ્રકરણ:૪ | અંગ્રેજી GS-૫<br>યુનિટ: ૫ | ગુજરાતી GS-૪<br>કદમ:૮,૯,૧૦ | ગુજરાતી GS-૪<br>કદમ:૯ થી ૧૧ | GS-૭<br>એકમ:૫ | ગણિત GS-૫<br>પેજ.:૬૨ થી ૬3 |
| **22-Jun-2021** | **Tue** | ગુજરાતી GS-૬<br>પેજ.:૨૭ થી 3૨ | ગુજરાતી GS-૬<br>કદમ:૫ | ગણિત GS-૪<br>પ્રકરણ:૫,૬ | ગણિત GS-૪<br>પ્રકરણ:૬,૭ | ગણિત GS-૪<br>પ્રકરણ:૬,૭ | ગુજરાતી GS-૬<br>સર્જનાત્મકતા-૧ | વિજ્ઞાન GS-૬<br>પ્રકરણ:૫ | ગણિત GS-૪<br>પ્રકરણ:૬,૭ | ગણિત GS-૪<br>પ્રકરણ:૫ | GS-૮<br>એકમ:૫,૬ | ગુજરાતી GS-૬<br>પેજ.:૧૭ થી ૨૦ |
| **23-Jun-2021** | **Wed** | ગણિત GS-૬<br>પેજ.:૮૮ થી ૯૦ | ગણિત GS-૬<br>પ્રકરણ:૭ | અંગ્રેજી GS-૪<br>યુનિટ: ૮,૯ | અંગ્રેજી GS-૪<br>યુનિટ: ૪ | અંગ્રેજી GS-૪<br>યુનિટ: ૪ | ગણિત GS-૬<br>પ્રકરણ:૫ | અંગ્રેજી GS-૬<br>યુનિટ: ૬ | અંગ્રેજી GS-૪<br>યુનિટ: ૫ | અંગ્રેજી GS-૪<br>યુનિટ: ૭,૮ | | ગણિત GS-૬<br>પેજ.:૬૫ થી ૬૭ |
| **24-Jun-2021** | **Thurs** | ગુજરાતી GS-૭<br>પેજ.:33 થી 3૮ | ગુજરાતી GS-૭<br>કદમ:૬ | ગુજરાતી GS-૫<br>કદમ:૮,૯ | ગુજરાતી GS-૫<br>કદમ:૮,૯ | ગુજરાતી GS-૫<br>કદમ:૧૧,૧૨ | ગુજરાતી GS-૭<br>તાર્કિક ચિંતન-૧ | વિજ્ઞાન GS-૭<br>પ્રકરણ:૬ | ગુજરાતી GS-૫<br>કદમ:૧૧,૧૨,૧3 | ગુજરાતી GS-૫<br>કદમ:૧૨ થી ૧૫ | | ગુજરાતી GS-૭<br>પેજ.:૨૧ થી ૨3 |
| **25-Jun-2021** | **Fri** | ગણિત GS-૭<br>પેજ.:૯૧ થી ૯૨ | ગણિત GS-૭<br>પ્રકરણ:૮ | ગણિત GS-૫<br>પ્રકરણ:૭,૮ | ગણિત GS-૫<br>પ્રકરણ:૮,૯ | ગણિત GS-૫<br>પ્રકરણ:૭,૮ | ગણિત GS-૭<br>પ્રકરણ:૬ | અંગ્રેજી GS-૭<br>યુનિટ: ૭ | ગણિત GS-૫<br>પ્રકરણ:૮ | ગણિત GS-૫<br>પ્રકરણ:૬,૭ | GS-૯<br>એકમ:૬ | ગણિત GS-૭<br>પેજ.:૬૮ થી ૭૦ |

| સમય | | ૩૦ મિનીટ<br>(૦૯.૦૦ થી ૦૯.૩૦) | ૩૦ મિનીટ<br>(૦૯.૩૦ થી ૧૦.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૦.૦૦ થી ૧૦.૩૦) | ૩૦ મિનીટ<br>(૧૦.૩૦ થી ૧૧.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૧.૩૦ થી ૧૨.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૨.૦૦ થી ૧૨.૩૦) | ૩૦ મિનીટ<br>(૧૨.૩૦ થી ૧૩.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૪.૩૦ થી ૧૫.૦૦) | ૬૦ મિનીટ<br>(૧૫.૦૦ થી ૧૬.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૬.૩૦ થી ૧૭.૦૦) | ૩૦ મિનીટ<br>(૧૭.૦૦ થી ૧૭.૩૦) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **તારીખ** | **વાર** | **ધોરણ-૩** | **ધોરણ-૪** | **ધોરણ-૫** | **ધોરણ-૬** | **ધોરણ-૭** | **ધોરણ-૧૦** | **ધોરણ-૧૦** | **ધોરણ-૮** | **ધોરણ-૯** | **ધોરણ-૧** | **ધોરણ-૨** |
| **26-Jun-2021** | **Sat** | ગુજરાતી GS-૮<br>પેજ.૩૯ થી ૪૧ | ગુજરાતી GS-૮<br>કદમ:૭ | અંગ્રેજી GS-૫યુનિટ:<br>૧૦,૧૧ | અંગ્રેજી GS-૫<br>યુનિટ: ૫ | અંગ્રેજી GS-૫<br>યુનિટ: ૫ | ગુજરાતી GS-૮<br>તાકિક ચિંતન-૨ | વિજ્ઞાન GS-૮<br>પ્રકરણ:૭ | અંગ્રેજી GS-૫<br>યુનિટ: ૬ | અંગ્રેજી GS-૫<br>યુનિટ: ૯,૧૦ | GS-૧૦<br>એકમ:૭ | ગુજરાતી GS-૮<br>પેજ.:૨૪ થી ૨૬ |
| **27-Jun-2021** | **Sun** | | | | | | | | | | | |
| **28-Jun-2021** | **Mon** | ગણિત GS-૮<br>પેજ.:૯૩ થી ૯૪ | ગણિત GS-૮<br>પ્રકરણ:૯ | ગુજરાતી GS-૬<br>કદમ:૧૦,૧૧ | ગુજરાતી GS-૬<br>કદમ:૧૦,૧૧ | ગુજરાતી GS-૬<br>કદમ:૧૩,૧૪ | ગણિત GS-૮<br>પ્રકરણ:૭ | અંગ્રેજી GS-૮<br>યુનિટ: ૮ | ગુજરાતી GS-૬<br>કદમ:૧૪,૧૫,૧૬ | ગુજરાતી GS-૬<br>કદમ:૧૫ થી ૧૭ | GS-૧૧<br>એકમ:૭,૮ | ગણિત GS-૮<br>પેજ.:૭૧ થી ૭૨ |
| **29-Jun-2021** | **Tue** | ગુજરાતી GS-૯<br>પેજ.:૪૨ થી ૪૫ | ગુજરાતી GS-૯<br>કદમ:૮ | ગણિત GS-૬<br>પ્રકરણ:૯ | ગણિત GS-૬<br>પ્રકરણ:૧૦ | ગણિત GS-૬<br>પ્રકરણ:૯ | ગુજરાતી GS-૯<br>ભાષાસજ્જતા-૧ | વિજ્ઞાન GS-૯<br>પ્રકરણ:૮ | ગણિત GS-૬<br>પ્રકરણ:૯,૧૦ | ગણિત GS-૬<br>પ્રકરણ:૮ | GS-૧૨<br>એકમ:૮ | ગુજરાતી GS-૯<br>પેજ.:૨૭ થી ૩૨ |
| **30-Jun-2021** | **Wed** | ગણિત GS-૯<br>પેજ.:૯૫ થી ૯૬ | ગણિત GS-૯<br>પ્રકરણ:૧૦ | અંગ્રેજી GS-૬<br>યુનિટ: ૧૨,૧૩ | અંગ્રેજી GS-૬<br>યુનિટ: ૬ | અંગ્રેજી GS-૬<br>યુનિટ: ૬ | ગણિત GS-૯<br>પ્રકરણ:૮ | અંગ્રેજી GS-૯<br>યુનિટ: ૯ | અંગ્રેજી GS-૬<br>યુનિટ: ૭ | અંગ્રેજી GS-૬<br>યુનિટ: ૧૧,૧૨ | | ગણિત GS-૯<br>પેજ.:૭૩ થી ૭૫ |
| **1-Jul-2021** | **Thurs** | ગુજરાતી GS-૧૦<br>પેજ:૪૬ થી ૫૦ | ગુજરાતી GS-૧૦<br>કદમ:૯(૧) | ગુજરાતી GS-૭<br>કદમ:૧૨ થી ૧૪ | ગુજરાતી GS-૭<br>કદમ:૧૨,૧૩ | ગુજરાતી GS-૭<br>કદમ:૧૫,૧૬ | ગુજરાતી GS-૧૦<br>ભાષાસજ્જતા-૨ | વિજ્ઞાન GS-૧૦<br>પ્રકરણ:૯ | ગુજરાતી GS-૭<br>કદમ:૧૭,૧૮,૧૯ | ગુજરાતી GS-૭<br>કદમ:૧૮ થી ૨૦ | | ગુજરાતી GS-૧૦<br>પેજ.:૩૩ થી ૩૭ |
| **2-Jul-2021** | **Fri** | ગણિત GS-૧૦<br>પેજ.:૯૭ થી ૧૦૦ | ગણિત GS-૧૦<br>પ્રકરણ:૧૧ | ગણિત GS-૭<br>પ્રકરણ:૧૦ | ગણિત GS-૭<br>પ્રકરણ:૧૧ | ગણિત GS-૭<br>પ્રકરણ:૧૦ | ગણિત GS-૧૦<br>પ્રકરણ:૯ | અંગ્રેજી GS-૧૦<br>યુનિટ: ૧૦ | ગણિત GS-૭<br>પ્રકરણ:૧૧ | ગણિત GS-૭<br>પ્રકરણ:૯,૧૩ | GS-૧૩<br>એકમ:૯ | ગણિત GS-૧૦<br>પેજ.:૭૬ થી ૭૮ |
| **3-Jul-2021** | **Sat** | ગુજરાતી GS-૧૧<br>પેજ.: ૫૧ થી ૫૪ | ગુજરાતી GS-૧૧<br>કદમ:૯(૨) | અંગ્રેજી GS-૭<br>યુનિટ: ૧૪,૧૫ | અંગ્રેજી GS-૭<br>યુનિટ: ૭ | અંગ્રેજી GS-૭<br>યુનિટ: ૭ | ગુજરાતી GS-૧૧<br>ભાષા રમતો-૧ | વિજ્ઞાન GS-૧૧<br>પ્રકરણ:૧૦ | અંગ્રેજી GS-૭<br>યુનિટ: ૮ | અંગ્રેજી GS-૭<br>યુનિટ: ૧૩,૧૪ | GS-૧૪<br>એકમ:૯,૧૦ | ગુજરાતી GS-૧૧<br>પેજ.:૩૮ થી ૩૯ |
| **4-Jul-2021** | **Sun** | | | | | | | | | | | |
| **5-Jul-2021** | **Mon** | ગણિત GS-૧૧<br>પેજ.:૧૦૧ થી ૧૦૪ | ગણિત GS-૧૧<br>પ્રકરણ:૧૨ | ગુજરાતી GS-૮<br>કદમ:૧૫ થી ૧૭ | ગુજરાતી GS-૮<br>કદમ:૧૪,૧૫ | ગુજરાતી GS-૮<br>કદમ:૧૭,૧૮ | ગણિત GS-૧૧<br>પ્રકરણ:૧૦ | અંગ્રેજી GS-૧૧<br>યુનિટ: ૧૧ | ગુજરાતી GS-૮<br>કદમ:૨૦,૨૧ | ગુજરાતી GS-૮<br>કદમ:૨૧,૨૨ | GS-૧૫<br>એકમ:૧૦ | ગણિત GS-૧૧<br>પેજ.:૭૯ થી ૮૦ |
| **6-Jul-2021** | **Tue** | ગુજરાતી GS-૧૨<br>પેજ.: ૫૫ થી ૫૮ | ગુજરાતી GS-૧૨<br>કદમ:૧૦ | ગણિત GS-૮<br>પ્રકરણ:૧૧,૧૨ | ગણિત GS-૮<br>પ્રકરણ:૧૨ | ગણિત GS-૮<br>પ્રકરણ:૧૧,૧૨ | ગુજરાતી GS-૧૨<br>ભાષા રમતો-૨ | વિજ્ઞાન GS-૧૨<br>પ્રકરણ:૧૧ | ગણિત GS-૮<br>પ્રકરણ:૧૨ | ગણિત GS-૮<br>પ્રકરણ:૧૦,૧૧ | GS-૧૬<br>એકમ:૧૧ | ગુજરાતી GS-૧૨<br>પેજ.:૪૦ થી ૪૨ |
| **7-Jul-2021** | **Wed** | ગણિત GS-૧૨<br>પેજ.:૧૦૫ થી ૧૦૮ | ગણિત GS-૧૨<br>પ્રકરણ:૧૩ | અંગ્રેજી GS-૮<br>યુનિટ: ૧૬,૧૭ | અંગ્રેજી GS-૮<br>યુનિટ: ૮ | અંગ્રેજી GS-૮<br>યુનિટ: ૮ | ગણિત GS-૧૨<br>પ્રકરણ:૧૧ | અંગ્રેજી GS-૧૨<br>યુનિટ: ૧૨ | અંગ્રેજી GS-૮<br>યુનિટ: ૯ | અંગ્રેજી GS-૮<br>યુનિટ: ૧૫,૧૬ | | ગણિત GS-૧૨<br>પેજ.૮૧ થી ૮૩ |
| **8-Jul-2021** | **Thurs** | ગુજરાતી GS-૧૩<br>પેજ.: ૫૯ થી ૬૧ | ગુજરાતી GS-૧૩<br>ચાલો!ચકાસીએ(૧) | ગુજરાતી GS-૯<br>ચાલો!ચકાસીએ | ગુજરાતી GS-૯<br>ચાલો!ચકાસીએ | ગુજરાતી GS-૯<br>કદમ:૧૯ | ગુજરાતી GS-૧૩<br>ચાલો! ચકાસીએ-૧ | વિજ્ઞાન GS-૧૩<br>પ્રકરણ:૧૨(૧) | ગુજરાતી GS-૯<br>ચાલો! ચકાસીએ | ગુજરાતી GS-૯<br>ચાલો! ચકાસીએ | | ગુજરાતી GS-૧૩<br>પેજ.:૪૩ થી ૪૬ |
| **9-Jul-2021** | **Fri** | ગણિત GS-૧૩<br>પેજ.:૧૦૯ થી ૧૧૧ | ગણિત GS-૧૩<br>પ્રકરણ:૧૪ | ગણિત GS-૯<br>પ્રકરણ:૧૩,૧૪ | ગણિત GS-૯<br>પ્રકરણ:૧૩,૧૪ | ગણિત GS-૯<br>પ્રકરણ:૧૩,૧૪ | ગણિત GS-૧૩<br>પ્રકરણ:૧૨ | અંગ્રેજી GS-૧૩<br>યુનિટ: ૧૩ | ગણિત GS-૯<br>પ્રકરણ:૧૩,૧૪ | ગણિત GS-૯<br>પ્રકરણ:૧૨,૧૪ | GS-૧૭<br>એકમ:૧૧,૧૨ | ગણિત GS-૧૩<br>પેજ.:૮૪ થી ૮૬ |
| **10-Jul-2021** | **Sat** | ગુજરાતી GS-૧૪<br>પેજ.:૬૨ થી ૬૪ | ગુજરાતી GS-૧૪<br>ચાલો!ચકાસીએ(૨) | અંગ્રેજી GS-૯<br>યુનિટ: ૧૮,૧૯,૨૦ | અંગ્રેજી GS-૯<br>યુનિટ: ૯ | અંગ્રેજી GS-૯<br>યુનિટ: ૯,૧૦ | ગુજરાતી GS-૧૪<br>ચાલો! ચકાસીએ-૧ | વિજ્ઞાન GS-૧૪<br>પ્રકરણ:૧૨(૨) | અંગ્રેજી GS-૯<br>યુનિટ: ૧૦,૧૧ | અંગ્રેજી GS-૯<br>યુનિટ: ૧૭,૧૮ | GS-૧૮<br>એકમ:૧૨ | ગુજરાતી GS-૧૪<br>પુનરાવર્તન |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૨-C તા.૦૯-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- યુવતીઓના માસિક ધર્મ સમયે થતા ભેદભાવ અટકાવવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૩૭૨૪-૭૮ તા.૯-૬-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ગુજરાત રાજય મહિલા આયોગની સૂચના અન્વયે યુવતીઓના માસિક ધર્મ સમયે થતાં ભેદભાવ અટકાવવા ભલામણ કરેલ છે. આ સાથેના સંદર્ભ દર્શિત પત્રમાં દર્શાવેલ સૂચનાઓ તેમજ ભલામણોનો અમલ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૯-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

(ઈ.નં. ૪૧૭૨૧)

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/ ૩૧૨૪-૭૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા.૦૯/૦૬/૨૦૨૧

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- યુવતીઓના માસિક ધર્મ સમયે થતા ભેદભાવ અટકાવવા બાબત.

સંદર્ભઃ- શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃ- HRE/૨૦૨૧/૫૭૩/ખ.૧/વ.૨ તા.૧૯/૦૫/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ગુજરાત રાજય મહિલા આયોગના તા.૨૦/૦૧/૨૦૨૧ ના પત્ર અન્વયે સહજાનંદ ગર્લસ કોલેજ, ભુજમાં બનેલ બનાવ અંગે યુવતીઓના માસિક ધર્મ સમયે થતા ભેદભાવ અટકાવવા આયોગ તરફથી નીચે મુજબની ભલામણ કરેલ છે.

(૧) ધાર્મિક સંસ્થાઓ, છાત્રાલયો તથા મહિલા-કિશોરી-યુવતીઓના આશ્રય સ્થાનોમાં માસિકચક્રને ધર્મ કે માન્યતા સાથે ના જોડતા વૈજ્ઞાનિક ઢબે જોવું જોઇએ.

(૨) શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શિક્ષણના ભાગરૂપે માસિકચક્રના કુદરતી અને શારીરિક વિજ્ઞાન મુદે સાચુ શિક્ષણ (જ્ઞાન) આપવું જોઇએ.

(૩) પ્રાથમિક સ્કુલોથી જ બાળાઓને માસિકચક્રની સાચી માહીતી આપવી જોઇએ.

(૪) કોલેજો, સ્કુલો અને છાત્રાલયોમાં સેનેટરી નેપકીનનો નાશ કરવાના મશીન રાખવા જોઇએ.

ઉકત વિગતોને ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- શ્રી આર.જે.દેસાઇ, સેકશન અધિકારીશ્રી, વ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

ક્રમાંક:-HRE/૨૦૨૧/૫૭૩/ખ.૧/વ.૨
ગુજરાત સરકાર.
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૯/૦૫/૨૦૨૧

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા., ગાંધીનગર
21 MAY 2021
આવક નં. [illegible]
શાખા : [illegible]

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર
(૪) નિયામકશ્રી.પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૫) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી.સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-૧૭,ગાંધીનગર.
(૬) સચિવશ્રી,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર
(૭) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

વિષય: યુવતીઓના માસિક ધર્મ સમયે થતા ભેદભાવ અટકાવવા બાબત.

શ્રીમાન.

ઉપરોકત વિષય પરત્વેના ગુજરાત રાજ્ય મહિલા આયોગના તા.૨૦/૦૧/૨૦૨૧ના પત્ર ક્રમાંક: રામઆ/૨૦૨૦/૨૬૩ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, સંબંધિત પત્રથી જણાવેલ યુવતીઓના માસિક ધર્મ સમયે થતા ભેદભાવ અટકાવવા અંગેની ભલામણો અન્વયે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ
[signature]
(આર.જે.દેસાઇ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ:ઉપરમુજબ

નકલ રવાના:જાણ સારૂ
- નાયબ સચિવશ્રી(સંકલન),શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

નકલ રવાના: જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંયુકત સચિવશ્રી(મા.શિ.),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી(પ્રા.શિ.),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(મા.શિ.બોર્ડ),શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ઉ.શિ.),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ટે.શિ.),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

સંમત
[signature]
૨૦/૫/૨૧

Scanned by CamScanner

ગુજરાત રાજ્ય મહિલા આયોગ
Gujarat State Commission for Women
પહેલો માળ, બ્લોક નં. ૪, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦
1st Floor, Block No. 4, Dr. Jivraj Mehta Bhavan,
Gandhinagar—382 010.

વિણા પટેલ (જી.એ.એસ.)
મુખ્ય સચિવ
Vina Patel (G.A.S.)
Member Secretary

Date/તારીખ 20 JAN 2021

ક્રમાંક:ગરામઆ/૨૦૨૦ 1253

પ્રતિ,
અગ્રસચિવશ્રી,
શિક્ષણ વિભાગ,
બ્લોક નં-૫/૭ માળ,
સચિવાલય,ગાંધીનગર.

વિષયઃ સહજાનંદ ગર્લ્સ કોલેજ,ભુજમાં બનેલ બનાવ અંગે.

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, સહજાનંદ ગર્લ્સ કોલેજ,ભુજમાં બનેલ બનાવ અંગે ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા સુઓમોટો કરી તા.૧૫-૦૨-૨૦૨૦ નાં રોજ સહજાનંદ ગર્લ્સ કોલેજ,ભુજની સ્થળ મુલાકાત કરવામાં આવેલ અને પોલીસ અધિક્ષકશ્રી, ભુજ તેમજ કચ્છ યુનીવર્સીટીને તપાસ અહેવાલ મોકલી આપવા જણાવેલ જે સંદર્ભે તેઓ તરફથી તપાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવામાં આવેલ છે.

યુવતીઓના માસિક ધર્મ સમયે થતા ભેદભાવ અટકાવવા આયોગ તરફથી નીચે મુજબની ભલામણો કરવામાં આવે છે.

૧.ધાર્મિક સંસ્થાઓ, છાત્રાલયો તથા મહિલા-કિશોરી-યુવતીઓનાં આશ્રય સ્થાનોમાં માસિકચક્રને ધર્મ કે માન્યતા સાથે ના જોડતા વૈજ્ઞાનિક ઢબે જોવું જોઈએ.
૨.શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શિક્ષણના ભાગરૂપે માસિકચક્રના કુદરતી અને શારીરિક વિજ્ઞાન મુદ્દે સાચુ શિક્ષણ(જ્ઞાન) આપવું જોઈએ.
૩.પ્રાથમિક સ્કૂલોથી જ બાળાઓને માસિકચક્રની સાચી માહિતી આપવી જોઈએ.
૪. કોલેજો,સ્કૂલો અને છાત્રાલયોમાં સેનેટરી નેપકીનનો નાશ કરવાના મશીન રાખવા જોઈએ.

નોંધ: ઉપર માન.અધ્યક્ષાશ્રીની મંજુરી અનુસાર.

સભ્યસચિવ
ગુજરાત રાજ્ય મહિલા આયોગ
ગાંધીનગર.

નકલ રવાના:- સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

Phone : 079-23251604
Mobile - 9825904546
Fax : 079-23251605
E-mail : ps2presi-gscfw@gujarat.gov.in
gscfw.2019@gmail.com

Scanned by CamScanner

## કચ્છ જિલ્લાની સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયુટ કોલેજના સંચાલકો સામે પગલાં

* ૨૯૦૮૫ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન. | | જવાબ. |
|---|---|---|---|
| (૧) | તા.૧૫/૦૨/૨૦૨૦ ની સ્થિતિએ છેલ્લા એક માસમાં કચ્છ જિલ્લાની સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયુટ કોલેજના સંચાલકો દ્વારા વિદ્યાર્થીનીઓના માસિક ધર્મની તપાસ કરવામાં આવતી હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) | હા,જી |
| (૨) | જો હા, તો તે અન્વયે ક્યારે કઈ કક્ષાએથી તપાસ કરવામાં આવી, અને | (૨) | કચ્છ યુનિવર્સિટીના તા.૧૩.૦૨.૨૦૨૦ના પત્રથી રચવામાં આવેલ તપાસ સમિતિ દ્વારા તા.૧૪.૦૨.૨૦૨૦ નાં રોજ તપાસ કરવામાં આવી. |
| (૩) | વિદ્યાર્થીનીઓ સાથે આવું કૃત્ય કરનાર કોલેજના સંચાલકો સામે શા પગલાં લેવામાં આવ્યા? | (૩) | આવું કૃત્ય કરનાર સંસ્થાના આચાર્ય, વોર્ડન અને પટાવાળા કુલ ત્રણ કર્મચારીઓને તા.૧૫.૦૨.૨૦૨૦ થી સસ્પેન્ડ કરવામાં આવેલ છે. |

---

ગૃહમાં જવાબ આપવાની તા.૨૩/૦૩/૨૦૨૦

ક્રમાંક:વસપ/૧૫૨૦/તા.પ્ર-૦૪/ખ.
શિક્ષણ વિભાગ.
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૩.૦૩.૨૦૨૦

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓશ્રીના તા.૨૪/૦૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક: પ્રશ્ન/૭૬૭૧ ના અનુસંધાને ચાર નકલ સહિત રવાના.

રવાના કર્યું
તારીખ 13.03.2020
સહી

(રોનક મહેતા) 13/3/20
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના:-</u>

-ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગુ.રા.ગાંધીનગર.

-સેકશન અધિકારીશ્રી વ.ર શાખા, શિક્ષણ વિભાગ.

-સિલેક્ટ ફાઇલ

Scanned by CamScanner

ક્રમાંક: કવટ/ISC3/૨૦૨૦/ ૩૩૨૯
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા.૨૮-૦૨.૨૦૨૦

પ્રતિ,
રજિસ્ટ્રારશ્રી,
ક્રાંતિગુરૂ શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી,
ભુજ, કચ્છ

વિષય : કચ્છ જિલ્લાની સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ કોલેજના સંચાલકો સામે લીધેલા પગલાં બાબત

સંદર્ભ : ૧. શિક્ષણ વિભાગના પત્રક્રમાંક: વસપ/૧૫૨૦/LAQ-૦૫/ખ, તા.૨૫.૦૨.૨૦૨૦
૨. શિક્ષણ વિભાગના પત્રક્રમાંક: વસપ/૧૫૨૦/LAQ-૦૪/ખ, તા.૨૫.૦૨.૨૦૨૦

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ઉક્ત સંદર્ભ દર્શિત પત્રથી કચ્છ યુનિવર્સિટી સંલગ્ન સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ કોલેજના સંચાલકો દ્વારા વિદ્યાર્થીનીઓના માસિક ધર્મની તપાસ કરવામાં આવતી હોવાની ફરિયાદ પરત્વે શા પગલાં લીધેલા છે ? તે અંગેનો અહેવાલ તાત્કાલિક દિન-૦૨ માં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

બીડાણ: ઉપર મુજબ

સંયુક્ત શિક્ષણ નિયામક (કોલેજ)
ગુ.રા., ગાંધીનગર

Scanned by CamScanner

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રારોડ, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧

ફોન નં. (૦૨૮૩૨) ૨૩૫૦૦૨,
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૨

ઇમેઇલ–: registrar.kskvku@gmail.com

વેબ–kskvkachchhuniversity.org

---

રેફ.નં.:કે.યુ./રજી/૨૦૨૦/૩૦૫૩      તા.૧૩/૦૨/૨૦૨૦

પ્રતિ,
ડૉ. દર્શના ધોળકિયા, કા. કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ
ડૉ. કાશ્મીરા મહેતા, અધ્યક્ષશ્રી, અંગ્રેજી વિભાગ, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ
ડૉ. કલ્પના સતીજા, અધ્યક્ષશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ

**વિષય : તા. ૧૧/૦૨/૨૦૨૦ના રોજ સહજાનંદ કોલેજ ખાતે બનેલ ઘટના અંગે તપાસ સમિતિની રચના કરવા બાબત**

**સંદર્ભ : તા. ૧૩/૦૨/૨૦૨૦ના રોજની નોંધ પર માન. કુલપતિશ્રીના આદેશ અન્વયે**

માનનીયશ્રી,

સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયૂટ, ભુજમાં સ્વામિનારાયણ મંદિર સંચાલિત તા. ૧૧/૦૨/૨૦૨૦ના રોજ સંકુલના આચાર્યા, એડમીનીસ્ટ્રેટર, તથા પટ્ટાવાળા બહેને કેટલીક વિદ્યાર્થીનીઓમાં ઋતુધર્મ પાળવાની રૂઢિ અંગે કોલેજના બાથરૂમમાં વિદ્યાર્થીનીઓના માસિક ધર્મ અંગે શારીરિક તપાસ આદરી છે એવી ફરિયાદની મીડિયા દ્વારા જાણ થતાં કુલપતિશ્રી દર્શનાબહેન ધોળકિયાની આગેવાની હેઠળ નીચે મુજબના સભ્યોની તપાસ સમિતીનું તાકીદના ધોરણે ગઠન કરવામાં આવે છે.

**શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયૂટ, ભૂજ તપાસ સમિતી**

| ક્રમ | નામ/હોદ્દો |
|---|---|
| ૧. | ડૉ. દર્શના ધોળકિયા, અધ્યક્ષ |
| ૨. | ડૉ. કાશ્મીરા મહેતા, સભ્યશ્રી |
| ૩. | ડૉ. કલ્પના સતીજા, સભ્યશ્રી |

આ તપાસ સમિતિએ તાત્કાલિક સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયૂટ, ભુજની વિદ્યાર્થીનીઓ આચાર્યશ્રી, ટ્રસ્ટીશ્રીની મુલાકાત લઇ બનેલ ઘટના અંગેનો અહેવાલ કચેરીએ જમા કરાવવાનો રહેશે.

**કા. કુલસચિવશ્રી**

Scanned by CamScanner

## તપાસ અહેવાલ

### શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટ્યૂટ, ભુજ(કચ્છ)નો તપાસ અહેવાલ

શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટ્યૂટ, ભુજની હોસ્ટેલ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત છે. આ સંસ્થામાં તા.૧૧/૦૨/૨૦૨૦ને મંગળવારના રોજ વિદ્યાર્થીઓનાં ઋતુધર્મની તપાસ બાબતેનાં અહેવાલ મીડિયા દ્વારા જાણ થતાં કચ્છ યુનિવર્સિટી, ભુજ(કચ્છ)નાં કુલપતિશ્રી દ્વારા એક તપાસ સમિતિની રચના કરવામાં આવેલ. જેમાં અમો નીચે મુજબના સભ્યો તપાસ સમિતિમાં જોડાયેલાં હતાં.

| ક્રમ | નામ/હોદો |
|---|---|
| ૧. | ડૉ. દર્શના ધોળકિયા, અધ્યક્ષ |
| ૨. | ડૉ. કાશ્મીરા મહેતા, સભ્યશ્રી |
| ૩. | ડૉ. કલ્પના સતીજા, સભ્યશ્રી |

તા.૧૧/૦૨/૨૦૨૦નાં રોજ શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટ્યૂટની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી આ કોલેજની વિદ્યાર્થીઓ સાથે કોલેજના આચાર્યા, વોર્ડન અને પટ્ટાવાળા દ્વારા કેટલીક વિદ્યાર્થીનીઓમાં ઋતુધર્મ પાળવાની રૂઢિ અંગે એ સમયગાળો છુપાવવાની વૃત્તિ દેખાતાં વિદ્યાર્થીનીઓમાં માસિક ધર્મ અંગે શારીરિક તપાસ આદરી હતી. આ અંગે આ તપાસ સમિતિ દ્વારા તા.૧૩/૦૨/૨૦૨૦નાં રોજ બપોરના ૩.૩૦ કલાકે રૂબરૂ કોલેજ હોસ્ટેલની મુલાકાત લેવામાં આવી હતી. રૂબરૂ મુલાકાત સમયે કોલેજનો સમય પૂર્ણ થઇ ગયેલ હોવાથી મેનેજમેન્ટ ઓફિસમાં ટ્રસ્ટીશ્રીઓની મુલાકાત લીધેલી અને હોસ્ટેલમાં રહેલ વિદ્યાર્થીનીઓમાંથી ૩૦ જેટલી વિદ્યાર્થીનીઓને ઘટનાની જાણકારી અર્થે અમો માત્ર મહિલા સભ્યોની સામે બોલાવવામાં આવેલ.

આ વિદ્યાર્થીનીઓના જણાવ્યા પ્રમાણે તા.૧૧/૦૨/૨૦૨૦નાં રોજ પરીક્ષા આપીને પરત આવેલ વિદ્યાર્થીનીઓ ભોજન માટે હોસ્ટેલમાં આવેલ. એ વખતે આચાર્યા રીટાબેન રાણીગા દ્વારા મળેલ સુચના અનુસાર ૩૦ જેટલી દીકરીઓને કોલેજમાં ફરીથી બોલવવામાં આવેલ. એડમીનીસ્ટ્રેટર અનીતાબેન દ્વારા આ વિદ્યાર્થીનીઓને એક સાથે બેસાડીને આચાર્યાની ચેમ્બરમાં બાથરૂમમાં એક પછી એક મોકલવામાં આવતાં હતા. આચાર્યાની ચેમ્બરમાં આવેલ બાથરૂમમાં પટ્ટાવાળા નયનાબેન દ્વારા વિદ્યાર્થીની માસિક ધર્મમાં છે કે કેમ? તેની તપાસ કરવામાં આવી હતી.

આ ઘટનાં બન્યા બાદ તમામ વિદ્યાર્થીનીને જમવા માટે હોસ્ટેલમાં મોકલી આપેલ હતા.

Scanned by CamScanner

શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટ્યૂટ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત ખાનગી કોલેજ છે અને કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. આ મેનેજમેન્ટ દ્વારા જ ચાલતી આ હોસ્ટેલમાં ઉપરોક્ત તમામ નિવેદનો તથા હકીકતો ધ્યાને લેતાં તા.૧૧/૦૨/૨૦૨૦નાં રોજ આ બનાવ બનેલ હતો. આ ઘટનામાં કોલેજના આચાર્યા રીટાબેન રાણીગાની સૂચનાથી એડમીનીસ્ટ્રેટર અનીતાબેન દ્વારા વિદ્યાર્થીનીઓને એક સાથે બેસાડીને આચાર્યાના ચેમ્બરમાં આવેલ બાથરૂમમા એક પછી એક વિદ્યાર્થીનીને મોકલીને પટ્ટાવાળા બહેનશ્રી નયનાબેન દ્વારા માસિક ધર્મની તપાસ કરવામાં આવેલ હતી. જે બનાવની હકીકત સાચી જણાય છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં આચાર્યા, વોર્ડન અને પટ્ટાવાળા દોષિત જણાય છે. આ દોષિતો સામે નિયમાનુસાર કાર્યવાહી કરવાની આ તપાસ સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવે છે.

| ક્રમ | નામ/હોદ્દો | સહી |
|---|---|---|
| ૧. | ડૉ. દર્શના ધોળકિયા, અધ્યક્ષ | |
| ૨. | ડૉ. કાશ્મીરા મહેતા, સભ્યશ્રી | 14/2/20 |
| ૩. | ડૉ. કલ્પના સતીજા, સભ્યશ્રી | 14/2/2020 |

તા. ૧૪/૦૨/૨૦૨૦

સ્થળ : ભુજ

Scanned by CamScanner

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

શ્રી સ્વામિનારાયણ મંદિર (નરનારાયણ દેવ) પ્રાયોજીત

શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ભુજ-કચ્છ સંચાલિત

# શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ

રેફ નં : SSGI/2019-20/134 | તારીખ : 15/02/202

પ્રતિ,

ડૉ. રીટાબેન એમ. રાણીગા
ઈન્ચાર્જ આચાર્યશ્રી,
શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ,
ભૂજ–કચ્છ.

વિષય :– સસ્પેન્ડ કરવા બાબત.

સંદર્ભ :– ૧. કયુ/ રજી/ ૨૦૨૦/ ૯૩૮ તા. ૧૪/૨/૨૦૨૦
૨. સંસ્થાના સંચાલક મંડળના તા. ૧૪/૨/૨૦૨૦ વાળો ઠરાવ

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભે આપને આથી જણાવવામાં આવે છે કે, તા. ૧૧/૨/૨૦૨૦ ના રોજ બનેલ બનાવ અનુસંધાને સંદર્ભ–૧ વાળા પત્ર તથા સંદર્ભ–૨ વાળા ઠરાવના આદેશ અનુસાર આપને તાત્કાલિક અસરથી આપની ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવે છે.

મંત્રીશ્રી,
શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ
ભૂજ–કચ્છ.

નકલ રવાના જાણ અર્થે:–

૧. માનનીય કુલપતિશ્રી,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ.

ભુજ-મિરઝાપર રોડ, ભુજ (કચ્છ) ૩૭૦ ૦૦૧, ફોન : (૦૨૮૩૨) ૨૩૦૭૩૧
e-mail : ssginstitute@yahoo.in | www.ssgi.co.in

Scanned by CamScanner

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

**શ્રી સ્વામિનારાયણ મંદિર (નરનારાયણ દેવ) પ્રાયોજીત**

શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ભુજ-કચ્છ સંચાલિત

# શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ

કે.નં.:[illegible]/૨૦૧૯-૨૦/૧૩૬ તારીખ :૧૬/૦૬/૨૦૨૦

પ્રતિ,

શ્રીમતી રમીલાબેન સુરેશ હિરાણી,
વોર્ડન,
સ્વામિનારાયણ કન્યા છાત્રાલય,
ભુજ–કચ્છ.

<u>વિષય :– સસ્પેન્ડ કરવા બાબત.</u>

સંદર્ભ :– ૧. ક્યુ/રજી/૨૦૨૦/૯૩૪ તા.૧૪/૨/૨૦૨૦
૨. સંસ્થાના સંચાલક મંડળના તા.૧૪/૨/૨૦૨૦ વાળો ઠરાવ

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભે આપને આથી જણાવવામાં આવે છે કે, તા.૧૧/૨/૨૦૨૦ ના રોજ બનેલ બનાવ અનુસંધાને સંદર્ભ– ૧ વાળા પત્ર તથા સંદર્ભ–૨ વાળા ઠરાવના આદેશ અનુસાર આપને તાત્કાલિક અસરથી આપની ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવે છે.

મંત્રીશ્રી,
શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ
ભુજ–કચ્છ.

નકલ રવાના જાણ અર્થે:–
૧. માનનીય કુલપતિશ્રી,
કચ્છ યુનિવર્સિટી, ભુજ.

ભુજ-મિરઝાપર રોડ, ભુજ (કચ્છ) ૩૭૦ ૦૦૧, ફોન : (૦૨૮૩૨) ૨૩૦૩૩૧
e-mail : ssginstitute@yahoo.in | www.ssgi.co.in

Scanned by CamScanner

|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ||

**શ્રી સ્વામિનારાયણ મંદિર (નરનારાયણ દેવ) પ્રાયોજીત**

શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ભુજ-કચ્છ સંચાલિત

# શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટયુટ

રેફ નં : કકલ્ગ/૨૦૧૯-૨૦/૧૩૬

તારીખ : ૧૬/૦૨/૨૦૨૧

પ્રતિ,

શ્રીમતી નયનાબેન નારણ ગોરસીયા
પટ્ટાવાળા,
શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટયુટ,
ભૂજ-કચ્છ.

<u>વિષય :- સસ્પેન્ડ કરવા બાબત.</u>

સંદર્ભ :- ૧. કયુ/ રજી/ ૨૦૨૦/ ૯૩૮ તા.૧૪/૨/૨૦૨૦

૨. સંસ્થાના સંચાલક મંડળના તા.૧૪/૨/૨૦૨૦ વાળો ઠરાવ

ઉપર્યુકત વિષય તથા સંદર્ભે આપને આથી જણાવવામાં આવે છે કે, તા.૧૧/૨/૨૦૨૦ ના રોજ બનેલ બનાવ અનુસંધાને સંદર્ભ- ૧ વાળા પત્ર તથા સંદર્ભ-૨ વાળા ઠરાવના આદેશ અનુસાર આપને તાત્કાલિક અસરથી આપની ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવે છે.

મંત્રીશ્રી,
શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટયુટ.
ભૂજ-કચ્છ.

**નકલ રવાના જાણ અર્થે:-**

૧. માનનીય કુલપતિશ્રી,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ.



Scanned by CamScanner

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/3165-99
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.04/06/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- યુવતીઓના માસિક ધર્મ સમયે થતા ભેદભાવ અટકાવવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્રક્રમાંક:HRE/2021/573/ખ-1/વ-2, તા.19/05/2021

ઉપરોક્ત વિષય અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રની સાથે ગુજરાત રાજ્ય મહિલા આયોગના તા.20/01/2021 ના પત્રક્રમાંક:રામઆ/2020/263 ની નકલ બિડાણ સહીત અત્રેની કચેરીને મળેલ છે. ગુજરાત રાજ્ય મહિલા આયોગ ઉક્ત પત્રમાં જણાવ્યા અનુસાર સહજાનંદ ગર્લ્સ કોલેજ ભુજમાં બનેલ બનાવના અનુસંધાને યુવતીઓના માસિક ધર્મ સમયે થતા ભેદભાવ અટકાવવા આયોગ તરફથી નીચે મુજબની ભલામણ કરવામાં આવેલ છે.

1. ધાર્મિક સંસ્થાઓ, છાત્રાલયો તથા મહિલા-કિશોરી-યુવતીઓના આશ્રય સ્થાનોમાં માસિકચક્રને ધર્મ કે માન્યતા સાથે ના જોડતા વૈજ્ઞાનિક ઢબે જોવું જોઈએ.
2. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શિક્ષણને ભાગરૂપે માસિકચક્રના કુદરતી અને શારીરિક વિજ્ઞાન મુદ્દે સાચુ શિક્ષણ (જ્ઞાન) આપવું જોઈએ.
3. પ્રાથમિક સ્કૂલોથી જ બાળાઓને માસિકચક્રની સાચી માહિતી આપવી જોઈએ.
4. કોલેજો, સ્કૂલો અને છાત્રાલયોમાં સેનેટરી નેપકીનનો નાશ કરવાના મશીન રાખવા જોઈએ.

સદર પત્રમાં દર્શાવ્યા મુજબની વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જરૂરી કાર્યવાહી સારૂં મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ :- ઉપર મુજબ.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.



Scanned by CamScanner